કે.કે. NEWS

તારીખ : 11/08/2025



# શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ

## સાવરકુંડલા દ્વારા

## સાવરકુંડલા શહેરમાં સૌ પ્રથમવાર હિન્દુ હૃદય સમ્રાટ

# શ્રી ડો. પ્રવિણભાઇ તોગડીયા સાહેબનું

## આઠમના દિવસે સાવરકુંડલામાં આગમન

**સાવરકુંડલા શહેરની સનાતની હિન્દુ ધર્મપ્રેમી જનતાને પધારવા હાર્દિક નિમંત્રણ**

**મટકી ફોડ ઉત્સવ અને ભવ્ય શ્રી કૃષ્ણ જન્મોત્સવ તેમજ ઠાકોરજીની ઝાંખીના દર્શન તા. ૧૬/૮/૨૦૨૫, શનિવાર, મધ્યરાત્રી ૧૨:૦૦ કલાકે**


**સાતમના દિવસે**
તારીખ : ૧૫/૮/૨૦૨૫, શુક્રવાર
સમય : રાત્રે ૯:૦૦ કલાકે

**સાવરકુંડલાની પાવન ધરા પર સૌ પ્રથમવાર**
લાઇવ દ્વારકા મંદિરનાં અદ્‌ભુત દર્શન
(મને વ્હાલો લાગે છે મારા દ્વારકાનો ઠાકર)

**આઠમના દિવસે** (તારીખ : ૧૬/૮/૨૦૨૫, શનિવાર)

**અન્નકોટ દર્શન**
સાંજે ૪:૦૦ કલાકે
દાતાશ્રી : જય માતાજી સ્વીટ માર્ટ, (દેવળાગેઇટ)

સમગ્ર ગુજરાતમાં સર્વપ્રથમ શો
**શ્રી વ્રજલીલા ઉત્સવ**
હરિહર ડાન્સર્સ ગૃપ અમરેલી દ્વારા પ્રસ્તુત
રાત્રે ૯:૦૦ કલાકે



મુખ્ય અતિથિ : હિન્દુ હૃદય સમ્રાટ
**શ્રી ડો. પ્રવિણભાઇ તોગડીયા સાહેબ**
રાષ્ટ્રીય અધ્યક્ષ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ
તા. ૧૬/૮/૨૦૨૫, શનિવાર



સમગ્ર કાર્યક્રમ
કબીર ટેકરીના મહંતશ્રી
**પુ. નારાયણદાસ સાહેબજીનાં**
આશિર્વાદથી યોજાશે.

V.H.RC

## સમગ્ર કાર્યક્રમનાં મુખ્ય યજમાનશ્રીઓ

Ellora Ice Creams



શ્રી રસિકભાઇ વેકરીયા



શ્રી હિરેનભાઇ વેકરીયા



શ્રી પ્રશાંતભાઇ વેકરીયા

Ellora Ice Creams

શ્રી મુકેશભાઇ ગોહીલ
શ્રી આકાશભાઇ ગોહીલ
શ્રી મોહીતભાઇ ગોહીલ

# શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ - સાવરકુંડલા

**સ્થળ : દેવળાગેઇટ, સાવરકુંડલા**

કે.કે. NEWS
તારીખ : 11/08/2025

# વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ પ્રેરિત હિન્દુ યુવા સંગઠન - સાવરકુંડલામ દ્વારા આયોજિત

# શ્રીનાથજી ની ઝાંખી











રવિવારની પૂર્વ સંધ્યાએ રિદ્ધિ-સિદ્ધિ ચોક ખાતે સાવરકુંડલામાં હિન્દુ યુવા સંગઠન દ્વારા શ્રીનાથજીની ઝાંખી નું એક ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમાં સંતો મહંતો અને સૌરાષ્ટ્ર પ્રાંત બજરંગ દળ ના મુખ્ય સંયોજક વક્તા શ્રી રવિરાજસિહ જાડેજા, દાતાશ્રીઓ, તેમજ સંગઠનના તમામ સભ્યો ની પ્રેરક ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ ત્યારબાદ સંતોએ શુભ આશિષ પાઠવી, સંતો ના સ્વાગત બાદ કાર્યક્રમ ના મુખ્ય દાતાશ્રી જ્યોતિબેન હર્ષદભાઈ દવે



હસ્તે તપનભાઈ દવે તથા સહદાતા શ્રી શામળદાસ હરજીવનદાસ છાટબાર (નિલજ સ્ટીલ) તેમજ અન્ય તમામ દાતાશ્રીઓ નું સન્માન અને સ્વાગત કરવામાં આવેલ....

સંપૂર્ણપણે અવિસ્મરણીય કાર્યક્રમ શ્રીનાથજી ની ઝાંખી હરિહર ડાન્સ ગ્રુપ-અમરેલી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. સમગ્ર સાવરકુંડલાને કૃષ્ણમય અને ગોકુળ મથુરા નો અનુભુતિ કરાવતો આ અદભુત કાર્યક્રમ સાવરકુંડલાની ધર્મ પ્રેમી અને કૃષ્ણપ્રેમી જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી અને આ કાર્યક્રમને જવલંત અને અદભુત રીતે સફળ બનાવેલ.







નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા વહીવટી તંત્ર દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન







આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત, વહીવટી તંત્ર દ્વારા આયોજિત યાત્રામાં ખૂબ મોટી સંખ્યામાં કર્મચારી તેમજ લોકો ઉમટ્યા, રાષ્ટ્રગીત સાથે સમાપનસાવરકુંડલા, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત, અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.સાવરકુંડલાના મુખ્ય માર્ગો પર ફરીને, આ યાત્રાએ દેશભક્તિનું વાતાવરણ ઊભું કર્યું હતું. સહુએ હાથમાં તિરંગા લઈ, "ભારત માતા કી જય" અને "વંદે માતરમ્" ના નારા લગાવ્યા હતા. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં રાષ્ટ્રભાવના અને દેશપ્રેમની લાગણી વધુ મજબૂત કરવાનો હતો.યાત્રાના સમાપન બાદ, સૌએ સાથે મળીને રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમનું સમાપન કર્યું હતું. આ સમગ્ર આયોજન સાવરકુંડલા વહીવટી તંત્ર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સૌરાષ્ટ્રના એકમાત્ર સિંહણ ના મંદિરે સિંહ દિવસ ઉજવાયો..રાજુલા તાલુકાના ભેરાઈ ગામે આવ્યું છે સિંહણનું મંદિર...






10 ઓગસ્ટ 2025 રવિવારના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી સૌરાષ્ટ્રના એકમાત્ર સિંહણ સ્મૃતિ સ્મારક મંદિર ખાતેની ઉજવણી વિશેષ આકર્ષક બની રહી હતી. સૌરાષ્ટ્રમાં માત્ર એક જગ્યાએ રાજુલાના ભેરાઈ ગામે સિંહણ નું મંદિર બનાવવામાં આવ્યું છે ત્યાં દર વર્ષે વન વિભાગ રાજુલા નેચર ક્લબ માલધારીઓ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો અને સિંહ પ્રેમીઓ વિશ્વ સિંહ દિવસની વિશેષ ઉજવણી કરે છે વિસ્તારથી વાત કરવામાં આવે તો અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ વિસ્તારમાં રાની અને રૂપસુંદરી નામની બે સિંહણો વસવાટ કરતી હતી બંને સિંહણોએ માનવ વસ્તીને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચાડ્યું ન હતું વર્ષ 2014માં રાની અને રૂપસુંદરી નામની આ બે સિંહણના રેલવે ટ્રેક ટ્રેન તળે આવી જવાથી મોત થયા હતા ત્યારે સ્થાનિકોએ આ સિંહણ ની યાદ માં સિંહણ સ્મૃતિ સ્મારક બનાવ્યું છે 10 ઓગસ્ટ 2025 વિશ્વ સિંહ દિવસ નિમિત્તે સિંહણ સ્મૃતિ સ્મારક મંદિરે ભૂદેવ દ્વારા મંત્રોચ્ચાર કરી શાસ્ત્રોત પૂજા અર્ચના કરીને તિરંગો લહેરાવી રાષ્ટ્રગીત ગાયને વિશ્વ સિંહ દિવસની અનોખી ઉજવણી રાજુલા તાલુકાના ભેરાઈ ગામે થઈ હતી.ગુજરાતના ગૌરવ ગિરનાર સિંહના સંરક્ષણનો સંકલ્પ કરાયો હતો આ સિંહણ મંદિરે સિંહ ચાલીસા મહા આરતી શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવી હતી અને પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ફોરેસ્ટ સ્ટાફ રાજકીય સામાજિક આગેવાનો સિંહ પ્રેમીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# રોયલ બ્રાઈડલ સ્ટુડીયો

**સ્થળ : મહાકાળી શોપીંગ સેન્ટર, હાથસણી રોડ, શોપ નં. 111-112-113-114, સાવરકુંડલા**

**રીતુ પંડયા - મો. 75740 94335**

ROYAL BRIDAL STUDIO

## ઓફર... ઓફર... ઓફર...

### હેર ટ્રીટમેન્ટ



હેર કટ / હેર વોશ / બ્લોડ્રાય ____ 299
હેર સ્પા (એની લેન્થ) ____ 499
સ્મુથનીંગ (એની લેન્થ) ____ 1999
કેરાટીન (એની લેન્થ) ____ 1499

### સ્કિન ટ્રીટમેન્ટ



ફેશિયલ/ શાઈનર/ વેક્સ ____ 599
વેક્સ સાથે આઈબ્રો ફ્રી ____ 150
ક્લીનઅપ + વેક્સ ____ 299

**નેઈલ એક્સટેન્શન માત્ર 399**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# માર્કેટયાર્ડ સાવરકુંડલામાં નવા કપાસ ની આવક..મુહુર્તના રૂા. ૩૮૫૧/- અને રૂા ૩૯૫૧/- મણના ભાવે કપાસ ખરીદાયો..



## ખેડુતો તથા વેપારીઓને મો મોઠું કરાવતા ચેરમેનશ્રી દિપકભાઈ માલાણી તથા સ્ટાફગણ..



સાવરકુંડલા : આજરોજ સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવો કપાસ ધારગણીગામના ખેડુત અશ્વીનભાઈ લાલજીભાઈ તથા પ્રવિણભાઈ મનુભાઈ એ ઠુંમ્મર ટ્રેડીંગના કમીશનમાં, સાવરકુંડલાના ખેડુત ધીરૂભાઈ લાલજીભાઈ એ ભોજલરામ ટ્રેડીંગના કમીશનમાં, ચલાલા ગામના ખેડુત હસમુખભાઈ એ જયાણી ટ્રેડીંગના કમીશનમાં, ઈગોરાળા ગામના ખેડુત જયદિપભાઈ જેબલીયાએ મારૂતિ ટ્રેડીંગના કમીશનમાં, ઘજડી ગામના ખેડુત કુલાભાઈ રાજાભાઈએ રામકૃષ્ણ ટ્રેડીંગના કમીશનમાં તથા દિતલા ગામના ખેડુત જસાભાઈ જગાભાઈએ મહાદેવ ટ્રેડીંગના કમીશનમાં વેચવા માટે આવેલ. સિઝનના નવા કપાસની આવકના આજરોજ શ્રીગણેશ થયેલ હોય, જેનું ચેરમેનશ્રી દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિધિસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીશ્રીઓનું મો મીઠુ કરાવીને હરરાજી ની શુભ શરૂઆત કરવામાં આવી અને કપાસ ખરીદનાર વેપારીશ્રીઓ તેમજ યાર્ડના સ્ટાફગણ અને ડીરેકટરશ્રીઓની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુહુર્તનો કપાસ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી પેઢી શ્રી વૃજલાલ પોપચલાલની કું. દ્વારા રૂા.૩૮૫૧/- અને કે.કે.ટ્રેડીંગ દવારા રૂા.૩૯૫૧/- ની બોલી બોલીને કપાસ ખરીદ કરેલ. જેથી મુહુર્ત ના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પદ્ધતિ દ્વારા વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



## દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ ક્લિનીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

**સ્થળ : ઈન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઈ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭**

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 11/08/2025
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

પવિત્ર શ્રાવણ માસનાં પ્રથમ સોમવાર નિમિત્તે

# કનૈયા સ્વીટ & ફરસાણ

ફરાળી પેટીસ, પ્યોર શીંગતેલમાં
મસાલાથી ભરપુર શીંગપાક,
બટેટા વેફર, ફરાળી ચેવડો
તથા તમામ તાજુ ફરસાણ મળશે..

## ફરાળી પેટીસ
## શીંગપાક

ઘુઘાભાઇ - મો. 97234 79419
મણીભાઇ ચોક, હાટકેશ્વર મંદિર સામે,
રાઉન્ડ, સાવરકુંડલા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કલા મહાકુંભમાં જે.વી.મોદી હાઈસ્કૂલની સિદ્ધિઓ...




ગત તારીખ 3 -8 -25 ના રોજ શ્રી કે.કે.હાઈસ્કૂલ સાવરકુંડલા ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાઈ ગયો. જેમાં જે.વી.મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ અલગ અલગ વિભાગમાં ભાગ લીધો હતો. જેમાં સુગમ ગીત સ્પર્ધામાં ચૌહાણ શાહ નવાજ પ્રથમ નંબરે વિજેતા થયેલ જે આગામી દિવસોમાં જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે. મકવાણા પ્રિન્સ ભજન લોકગીત સ્પર્ધામાં તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.તેવી જ રીતે ચિત્ર સ્પર્ધામાં બગડા સુજલ પ્રથમ નંબરે વિજેતા થતા જે હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. તેવી જ રીતે અંધ ઉદ્યોગ શાળા અમરેલી ખાતે તારીખ 7 8 2025 ના રોજ એનસીઈઆરટી ન્યૂ દિલ્હી, સર્વ શિક્ષા કચેરી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અમરેલી દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં શાળાના વિદ્યાર્થીઓએ સમૂહ ગીત સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાની તૈયારી માટે વિદ્યાર્થીઓને શાળાના સંગીત શિક્ષક શ્રી સંજયભાઈ મહેતાએ સતત પ્રેક્ટિસ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાની કલા ક્ષેત્રની સિદ્ધિઓને શ્રી નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રી ચંદ્રિકાબેન ઘેલાણી મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા સમગ્ર ટ્રસ્ટીગણે બીરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.



નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 11/08/2025

કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# તાલુકા કક્ષાના શાળાકીય રમતોત્સવમાં જે.વી.મોદી હાઈસ્કૂલની સફળતા

## સાવરકુંડલા તાલુકાનો ત્રિ દિવસીય શાળાકીય રમતોત્સવ શ્રી કે.કે. હાઈસ્કૂલના યજમાનપદે શાળાના મેદાનમાં યોજાયો

જેમાં શ્રી જે.વી.મોદી હાઈસ્કૂલ ના વિદ્યાર્થી રમતવીરોએ જુદી જુદી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખોખો અને કબડ્ડી ની રમતમાં શાળા બીજા ક્રમાંકે રહી હતી. કબડ્ડીમાં શાળાનો વિદ્યાર્થી હિમાલય તાલુકા કક્ષાની ટીમમાં પસંદ થઈ હવે જિલ્લામાં રમવા જશે. જ્યારે અંડર 17 દોડ સ્પર્ધામાં ધોરણ 9 નો વિદ્યાર્થી પડાયા મૌલિક મનસુખભાઈ પ્રથમ નંબરે આવેલ તો અન્ડર 19 ગોળા ફેંક સ્પર્ધામાં ધોરણ 12 નો વિદ્યાર્થી ઝીંઝુવાડીયા જયદીપ વિજય ભાઈ પ્રથમ નંબરે આવેલ જે હવે જિલ્લા કક્ષાએ રમવા જશે. વિદ્યાર્થીઓની સફળતા માટે શાળાના વ્યાયામ શિક્ષક શ્રી ગૌરાંગભાઈ જોશી એ સતત પ્રેક્ટિસ અને માર્ગદર્શન આપ્યું હતું.શાળાની રમત ક્ષેત્રની સફળતાને શ્રી નૂતન કેળવણી મંડળના સમગ્ર ટ્રસ્ટીગણે અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.





કે.ડી. NEWS
તારીખ : 11/08/2025
તમારી કહાની, અમારી ઝુબાની...
કેમ છો & અમરેલી સાથે
હવે આપ પણ આપના ધંધાના વિકાસ માટે બનાવો
પ્રોફેશનલ એડ રીલ્સ
અને એ પણ.... ડીઝીટલ માર્કેટીંગ + બુસ્ટીંગ
+ સ્ટાન્ડર્ડ પેઈજ કોલોબ્રેશન જેવા સંપુર્ણ પેકેજ સાથે...
: અમારી પેકેજીસની વિશેષતાઓ :
રૂા. 4500
* જેમાં એન્કર દ્વારા આપની બીઝનેસ સ્કીપ્ટ રજુ કરાશે.
* કે.ડી. ન્યુઝના પેઈજ પર તેમજ કેમ છો અમરેલીના પેઈજ ઉપર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ પ્રકાશ એપમાં નોટીફીશેન
રૂા. 5500
* જેમાં એન્કર દ્વારા આપની બીઝનેસ સ્કીપ્ટ રજુ કરાશે.
* 50k view ની અમારી ગેરેંટી
* ઈન્સ્ટાગ્રામ પર બુસ્ટીંગ પેઈજ
* કે.ડી. ન્યુઝ તથા કેમ છો અમરેલીના પેઈજ પર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ
* પ્રકાશ એપમાં નોટીફીશેન
રૂા. 6500
* ડ્રોન શુટીંગ
* 50k view ની અમારી ગેરેંટી
* ઈન્સ્ટાગ્રામ પર બુસ્ટીંગ પેઈજ
* કે.ડી. ન્યુઝ તથા કેમ છો અમરેલીના પેઈજ પર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ
* પ્રકાશ એપમાં નોટીફીશેન
પ્રિન્ટ * ડિજીટલ * વિડીયો
સર્વશ્રેષ્ઠ માર્કેટીંગ સાથેનું પ્લેટફોર્મ પ્રોવાઈડ કરતુ સ્થળ એટલે...
પ્રકાશ પ્રિન્ટર્સ
97246 61561
રાજદરબારગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સરસ્વતી સન્માન સમારંભ તથા જ્ઞાતિ સમૂહ ભોજન કાર્યક્રમ 2025 - સાવરકુંડલા







શ્રી રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન - સાવરકુંડલા વ્યવસ્થાપક સમિતિ આયોજીત સરસ્વતી સન્માન સમારંભ તથા જ્ઞાતિ સમૂહ ભોજન કાર્યક્રમ 2025નું આયોજન ગત તારીખ 09.08.2025 રક્ષાબંધનના દિવસે કરવામાં આવેલ હતું.આ કાર્યક્રમમાં કુલ 125 ઉચ્ચ ગુણાંક ધરાવતી માર્કશીટો બાલમંદિર થી ધોરણ 12 સુધીના વિદ્યાર્થીઓ ની પ્રાપ્ત થયેલ હતી તેમાં ક્રમાંક 1 થી 3 ધોરણ પ્રમાણે આપવામાં આવેલ હતા. જે વિદ્યાર્થીઓ ને સ્ટેજ ઉપર પ્રમાણપત્ર અને ઈનોમો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા અને બાકીનાં વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવેલ હતા.  આ તકે ઉપસ્થિત પ્રો.કિરીટભાઈ જાની, દિલીપભાઈ તેરૈયા, કાંતિભાઈ ધાન્ધીયા વગેરે દ્વારા જ્ઞાતિ સંગઠનના પ્રવચન આપેલ હતા. અંત માં પ્રમુખશ્રી શૈલેષભાઈ ભરાડ દ્વારા દાતાશ્રીઓ, મહેમાનો અને જ્ઞાતિજનો ની આભારવિધિ કરેલ હતી સરસ્વતી સન્માન કાર્યક્રમ બાદ જ્ઞાતિ સમૂહ ભોજનમાં મહેમાનો તથા સ્થાનિક જ્ઞાતિજનોની બહોળા પ્રમાણમાં અંદાજિત સંખ્યા 600 થી વધારે હાજરી હતી. સમગ્ર આયોજન માં જ્ઞાતિજનો માં ઉત્સાહિત જોવા મળેલ હતો.કાર્યક્રમને સફળ બનાવવા માટે વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ શૈલેષભાઈ, ઉપપ્રમુખ રતીભાઈ તથા અનિલભાઈ, મંત્રી ચંદ્રકાન્ત ભાઈ, સહમંત્રી આશીષભાઈ, ખજાનચી પ્રવીણભાઈ અને રમેશભાઈ તથા વિષ્ણુભાઈએ જહેમત ઉઠાવેલ હતી.ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમ માં સાવરકુંડલા જ્ઞાતિજનો એ બહોળી સંખ્યામાં હાજરી આપેલ હતી. કાર્યકમનું એન્કરિંગ રમેશભાઈ રવિયા તથા આશિષભાઈ રાજ્યગુરૂ દ્વારા કરવામાં આવેલ હતું.





તારીખ : 11/08/2025

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રી કે.કે હાઈસ્કૂલમાં વિશ્વ સિંહ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી...




તા.10/08/2025 ને રવિવારના રોજ શ્રી કે.કે હાઈસ્કૂલ NSS યુનિટ દ્વારા "વિશ્વ સિંહ દિવસ"ની ઉજવણી કરવામાં આવી.શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓને વિશ્વના ગૌરવ સમા અને સૌરાષ્ટ્રની શાન એવા સિંહના સંવર્ધન અને રક્ષણ માટે શાળાના પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયાએ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન આપ્યું. ત્યાર બાદ સિંહના મુખોટા પહેરી સિંહના સ્લોગનો બોલતા શાળાના પ્રિન્સીપાલ અને સમગ્ર સ્ટાફ પરિવારે મહારેલીનું પ્રસ્થાન કરાવ્યું.વ્યાયામ મંદિરમાં વિશ્વ સિંહ દિવસના ઉદ્દઘાટન પછી મહારેલી સાવરકુંડલાના મુખ્ય માર્ગો પર ફરી હતું.NSS યુનિટના સ્વયં સેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા સિંહના સંવર્ધન અને રક્ષણ માટેનો એક સંદેશ સાવરકુંડલાના નાગરિકો સુધી પહોંચાડવામાં આવ્યો.

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે
બેનર પ્રિન્ટીંગ
પ્રકાશ પ્રિન્ટર્સ
રાજ દરબારગઢ, સાવરકુંડલા
મો. 94277 42117

તારીખ : 11/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શિવમ્

ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.

ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ

# મફતમાં કરી આપવામાં આવશે.





## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુ:ખાવો, સ્નાયુનો દુ:ખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સિંહ બચાવો ગીર બચાવોના સૂત્રો સાથે લીલીયા ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી



અમૃતબા વિદ્યાલયના પટાંગણમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થી ભાઈઓ- બહેનો જોડાયા, સિંહ સંરક્ષણ અને સંવર્ધન માટેની પ્રતિજ્ઞા લીધી.લીલીયા શ્રી અમૃતબા વિદ્યાલય ખાતે આજે વન વિભાગ અને શૈક્ષણિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે 10 મી ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સૌપ્રથમ શાળાના આચાર્ય હસમુખભાઈ કરડે આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કરેલ.ત્યારબાદ સ્થાનિક આર.એફ.ઓ બી.જી. ગલાણીએ પોતાના પ્રવચનમાં સિંહ સરક્ષણ અને સંવર્ધન સહિતની સિંહની વિશેષતા અંગે વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડી હતી.આ ઉપરાંત સિંહ માનવ સહ અસ્તિત્વમાં લોક ભાગીદારી અંગે માહિતી પૂરી પાડવામાં આવેલ.આ ઉપરાંત વિદ્યાર્થીઓ, વન વિભાગના કર્મચારીઓ, શિક્ષકોએ સિંહ સંરક્ષણની પ્રતિજ્ઞા લીધી હતી.ત્યારબાદ અમૃતબા વિદ્યાલયથી રેલી પ્રસ્થાન થઈ શહેરના માર્ગ પર ફરી મામલતદાર કચેરી ખાતે સમાપન થયેલ.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વન વિભાગના કર્મચારીઓ, વિવિધ શાળાના શિક્ષકો, ગ્રામજનો જોડાયા હતા.


બોન્ડ A4 પેકેટ ₹ 175 થી શરૂ
મીનીમમ 10 પેકેટ
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

જય શ્રી સતી માં

**આવી રહ્યો છે... ગ્રાહકો ના ઘરે ઘરે આનંદોત્સવ**

**સૌભાગ્યનો સંદેશ આવી ગયો છે... આપનું ભાગ્ય ચમકી રહ્યું છે...**

"સોના થી સમૃદ્ધિ ચમકે, સંપત્તિ ચમકે, સૌંદર્ય ચમકે,
સુરક્ષા ચમકે, શ્રૃંગાર ચમકે...પણ હવે "સૌભાગ્ય" પણ ચમકશે!"




## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ – 2025

તો એડવાન્સ બુકિંગ ની શુભ શરુઆત થઈ ગઈ છે
તો એડવાન્સ બુકિંગ માટે આજે જ અમારા શો - રૂમ માં પધારો

**જેમાં છે બમ્પર ઈનામો નો વરસાદ.. જેમાં છે. 1 થી 5 બમ્પર ઈનામ**
**6 મારુતિ અલ્ટો30 * 7 એકટીવા 90 * 8તથા અન્ય મોટા ઈનામો**

AR JEWELLERS

# એ.આર. જવેલર્સ

**રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.**

**મો. 98244 46074/94286 18687**

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શ્રી સાવરકુંડલા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા ગત તારીખ 3 8 2025 ને રવિવાર બપોરે ત્રણ વાગ્યે બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ (ઉતાવળા હનુમાન મંદિર પાસે મહાકાળી ચોક)

# સાવરકુંડલા ખાતે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ-2025 યોજાયો

જેમાં ધોરણ 1 થી 12 તેમજ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓ બહેનોને શીલ્ડ, પ્રમાણપત્ર, મેડલ,તેમજ પ્રોત્સાહિત ઈનામો આપી બિરદાવવામાં આવ્યા. આ પ્રસંગે પૂજ્ય ઘનશ્યામ બાપુ (રાઘવ) ,શ્રી મસ્તરામ બાપુ શ્રી અમરદાસ બાપુ ( નિંગાળા) શ્રી ભક્તિ રામ બાપુ ગોંડલીયા માનવ મંદિર , શ્રી મહેશ બાપુ બોઘરીયાણી ખોડીયાર ,શ્રી કરસનગીરી બાપુ (કુંડલપુર હનુમાનજી )શ્રી સીતારામ બાપુ (ખરસા હનુમાન આશ્રમ ગાધકડા) આપી આશીરવચન આપી રાજીપો વ્યક્ત કર્યો હતો.

તેમજ નિમ્બારક આશ્રમ ઓળિયા રઘુવીરદાસ બાપુ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ છાત્રબાળાઓને અંદાજિત 100 જેટલા ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી અરૂણભાઈ દેવમુરારી (પ્રમુખ શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ) ડોક્ટર પ્રવીણભાઈ લશ્કરી ટ્રસ્ટી શ્રીગુજરાત રાજ્ય રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ) અમરેલી જિલ્લા રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ ના પ્રમુખ શ્રી નવનીતભાઈ સી.નિમાવત, બાબરા તાલુકા મંડળ ના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દેવમુરારી ડોક્ટર



રૂગનાથભાઈ કુબાવત, પ્રવીણભાઈ કુબાવત, વગેરે આગવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે ભોજન પ્રસાદ ના દાતા શ્રી મસાભગત (નાના ઝીંઝુડા) રોહિતભાઈ દેવમુરારી (ગણેશગઢ) હરજીવનભાઈ કાણકીયા (કણક્ચચા), મુકેશભાઈ ટીલાવત ને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળના પ્રમુખ શ્રી અમિતભાઈ નિમાવત મંત્રી શ્રી યોગેશભાઈ લશ્કરી દીપકભાઈ રામાનુજ , ડોક્ટર વિશાલભાઈ લશ્કરી ,તેમજ સમગ્ર કારોબારી કમિટી એ જહેમત ઉઠાવી હતી, આ કાર્યક્રમ માં અશોકભાઈ દેવમોરારીએ (ગાયક કલાકાર) એન્કરિંગ કરી વિશેષતા પ્રદાન કરી હતી.

તારીખ : 11/08/2025

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા તાલુકાના ધાર ગામે વિવિધ વિકાસલક્ષી કામોનું માન. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સાહેબના માર્ગદર્શન હેઠળ ₹10.25 લાખના ખર્ચે પેવિંગ બ્લોક રોડ તેમજ ડ્રેનેજ લાઈન ના કામનું

## શુભ ખાતમુહુર્ત ધાર આશ્રમના મહંતશ્રી પૂજ્ય ગુણપતબાપુ તેમજ નવનિયુક્ત સરપંચ શ્રીમતી હંસાબેન કાકડીયા ના વરદ હસ્તે કરવામાં આવ્યું





તાલુકા ભાજપ પ્રમુખ શ્રી રજનીભાઈ ડોબરીયા,તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રી પરસોત્તમભાઈ ઉમટ, તાલુકા ભાજપ મહામંત્રી શ્રી પ્રકાશભાઈ પાનસુરીયા, તાલુકા પંચાયત સદસ્ય મનુભાઈ ડાવરા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ શ્રીભુપેન્દ્રભાઈ ખુમાણ, મહેશભાઈ ભાલાળા, સરપંચ એસો. પ્રમુખશ્રી હિતેશભાઈ ખાતરાણી તાલુકા ભાજપ અગ્રણી શિવરાજ ભાઈ ખુમાણ, ભાવેશભાઈ ખુટ, માધુભાઈ બલદાણીયા, શિવરાજભાઈ મૈત્રા, ભોળાભાઈ વાઘેલા, કિશોરભાઈ વઘાસીયા, ધર્મેશભાઈ વઘાસિયા, ઉપસરપંચ શ્રી યોગેશભાઈ ખુમાણ તેમજ ગામના આગેવાનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તારીખ : 11/08/2025

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભવનગર મંડળ કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન



ભવનગર મંડળ દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત દરરોજ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના નેતૃત્વમાં મંડળ કચેરી ખાતે 11 ઓગસ્ટ, 2025 (સોમવાર)ના રોજ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મંડળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના પ્રસ્થાન સંકેતથી આ તિરંગા યાત્રાની શરૂઆત કરવામાં આવી.સ્વતંત્રતા દિવસના આગમનના અવસર પર મંડળ કચેરી, રેલવે મ્યુઝિયમ અને ભવનગર ટર્મિનસ રેલવે સ્ટેશનને તિરંગાની લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે. 12 ઓગસ્ટ, 2025 (મંગળવાર)ના રોજ સવારે 7.00 કલાકે "તિરંગા બાઈક રેલી"નું આયોજન કરવામાં આવશે. આ રેલી મંડળ કચેરીથી નીકળીને નીલમબાગ સર્કલથી જ્વેલ સર્કલ અને આરટીઓ સર્કલ થઈને ફરીથી મંડળ કચેરી ખાતે પૂર્ણ થશે.પશ્ચિમ રેલવેના ભવનગર મંડળે આઝાદીનો જશ્ન મનાવવા અને રાષ્ટ્રીય ધ્વજ તિરંગા પ્રત્યે માન વ્યક્ત કરવા માટે સંપૂર્ણ તૈયારી કરી છે. 15 ઓગસ્ટ, 2025 (શુક્રવાર)ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા ભવનગર મંડળ કાર્યાલયમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે. ભવનગર ડિવિઝનના સિનિયર ડીસીએમ શ્રી અતુલકુમાર ત્રિપાઠી અનુસાર ભવનગર મંડળમાં "હર ઘર તિરંગા" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેનો હેતુ જનમાનસ અને રેલ કર્મચારીઓના મનમાં દેશભક્તિની ભાવના જગાવવાનો છે અને જનભાગીદારીની ભાવના સાથે આઝાદીના 78મા વર્ષગાંઠનો ઉત્સવ મનાવવામાં આવશે. હર ઘર તિરંગા અભિયાનમાં રેલ કર્મચારીઓ, તેમના પરિવારજનો અને સામાન્ય જનતાની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. સ્ટેશનો પર જાહેરાતો દ્વારા લોકોને આ અંગે અવગત કરવામાં આવી રહ્યું છે.અતુલ કુમાર ત્રિપાઠીવરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે,ભાવનગર મંડલ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ



# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 11/08/2025
કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સંરક્ષણ દળમાં જોડાવવા ઈચ્છુક પુરુષ ઉમેદવારો માટેનિવાસી નિઃશુલ્ક તાલીમ વર્ગઃ અરજી કરવા રોજગાર કચેરીનો અનુરોધ

## અમરેલી, તા.૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર) રાજયના યુવાનો સંરક્ષણ દળ, પોલીસ દળમાં ભરતી થવાના હોય તેમને તાલીમ મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકારના રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે.

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા જિલ્લાના ઉમેદવારો માટે 30 દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગનું આયોજન છે. શારીરિક તેમ જ માનસિક રીતે સક્ષમ, ઉંમર ૧૭.૫ થી ૨૩ વર્ષ સુધી અને ધો.૧૦ પાસ કે તેથી વધુ હોય તેમજ સંરક્ષણ દળમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારોને રહેવા, જમવા તથા શારીરિક અને લેખિત કસોટીની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે.જિલ્લા રોજગાર કચેરી ખાતેથી વિનામૂલ્યે નિયત અરજી ફોર્મ મેળવી, જરુરી વિગતો અને ધોરણ ૧૦ની માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, આધારકાર્ડ તથા અન્ય સાધનિક પુરાવા સહિત આધાર-પુરાવાઓ સામેલ કરી જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, સી બ્લોક, પ્રથમ માળ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ ખાતે દિન-૧૫ માં મોકલવું. અરજીફોર્મ જિલ્લા રોજગાર કચેરી અમરેલી તેમજ @empamreli ટેલિગ્રામ ચેનલમાંથી વિનામૂલ્યે મેળવી લેવા. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે અમરેલી જિલ્લા રોજગાર કચેરીના ફોન નં. ૯૫૧૨૩ ૪૦૫૪૯ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

તારીખ : 11/08/2025

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા માનવ મંદિર ખાતે ભવ્ય સન્માન સમારંભ યોજાયો







સાવરકુંડલા ખાતે આવેલા માનવ મંદિર આશ્રમ ખાતે સાધુ સમાજ અને માનવ મંદિર પરિવાર દ્વારા એક ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ અને નવનિયુક્ત હોદ્દેદારોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.આ પ્રસંગે ઈફકો સહિત અનેક સંસ્થાઓની જવાબદારી નિભાવતા શ્રી દિલીપ સંઘાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. સાથે જ, I C A ( ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એસોસિયેશન) યુથ વિંગના નવા ચૂંટાયેલા પ્રમુખ શ્રી હર્ષ સંઘાણીનું પણ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. શ્રી હર્ષ સંઘાણી ભારતના સૌપ્રથમ યુવા પ્રમુખ તરીકે ચૂંટાયા હોવાથી અમરેલી જિલ્લાને ગૌરવ પ્રાપ્ત થયું છે.

વધુમાં, અમરેલી લાયન્સ ક્લબના નવનિયુક્ત પ્રમુખ શ્રી રૂજુલભાઈ ગોંડલીયાનું પણ સાધુ સમાજ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું.માનવ મંદિરના આદરણીય ભક્તિ બાપુએ નવનિયુક્ત હોદ્દેદારોને આશીર્વાદ આપીને તેમના યોગદાન અને સમાજ પ્રત્યેની જવાબદારી માટે રાજીપો વ્યક્ત કર્યો. આ સન્માન સમારંભમાં સાવરકુંડલાના સાધુ સમાજ અને માનવ મંદિર પરિવારના સભ્યોની વિશાળ ઉપસ્થિતિ જોવા મળી, જે આ કાર્યક્રમની ભવ્યતાઅને સફળતાને વધુ ઉજાગર કરે છે.આ કાર્યક્રમ દ્વારા સમાજસેવા અને નેતૃત્વના ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓને પ્રોત્સાહન અને સન્માન આપવાનો ઉમદા હેતુ સફળ થયો.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 06/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**ઓનલાઈન ઝઘડામાં એ જ જીતે જેને ફટાફટ ટાઈપિંગ આવડતું હોય...**

---

**એ અત્યારના સમયમાં સાઉથ ના હીરો કે ગુંડાઓ ફાઈટિંગ કરે તો જોવાની મજા આવે પહેલાના સમયમાં અમરીશ પૂરી સામું જોવે ને તો નો ભાવતું શાક પણ ખાઈ લેતા..**

---

**જે લોકોના દિલ બહુ તૂટતા હોય તે લોકોએ સિમેન્ટથી દિલ બનાવી લેવું જોઈએ બહુ મજબૂત સિમેન્ટની જાહેરાત આવે છે તો દિલમાં કામ લાગે ને યાર...**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 11/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 11 ઓગષ્ટ
# મહત્વની ઘટનાઓ

૧૯૬૧ – પોર્ટુગીઝ સંસ્થાનો દાદરા અને નગર હવેલીનો ભારતમાં વિલય.

૧૯૭૯ – ઉપરવાસમાં ભારે વરસાદને કારણે મોરબી જિલ્લાના મચ્છુ નદી પરનો બંધ તૂટતાં મચ્છુ બંધ હોનારત સર્જાઈ.

૧૯૯૯ – સદીનું છેલ્લું ગ્રહણ, ખગ્રાસ સૂર્યગ્રહણ, યુરોપ, મધ્યપૂર્વ અને ભારતમાં જોવા મળ્યું.

૨003 – નાટોએ અફઘાનિસ્તાનમાં શાંતિ રક્ષક દળની કમાન સંભાળી, જે તેના ૫૪ વર્ષના ઈતિહાસમાં યુરોપની બહાર તેનું પ્રથમ મોટું ઓપરેશન છે.

૨00૮ – અભિનવ બિંદ્રા બેજિંગ ઓલમ્પિક રમતોત્સવમાં ૧૦ મીટર એર રાયફલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતીને ઓલમ્પિક રમતોત્સવમાં વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક મેળવનારા પ્રથમ ભારતીય રમતવીર બન્યા.

## જન્મ

૧૭૭૮ – ફ્રેડરિક લુડવિગ જ્હૉન, જિમ્નાસ્ટીક્સનો પાયો નાંખનાર જર્મન શિક્ષક (અ. ૧૮૫૨)

૧૯૨૯ – ગીતા પરીખ, ગુજરાતી કવિયત્રી (અ. ૨૦૧૨)

૧૯૩૮ – બાપ્સી સિધવા, ગુજરાતી પારસી મૂળના અંગ્રેજી ભાષાના પાકિસ્તાની લેખિકા

૧૯૪૩ – પરવેઝ મુશર્રફ, પાકિસ્તાની રાજદ્વારી અને સેનાના ભુતપૂર્વ વડા.

૧૯૫૪ – યશપાલ શર્મા, ભારતીય ક્રિકેટર (અ. ૨૦૨૧)

૧૯૫૪ – એમ.વી.નરસિમ્હારાવ, ભારતીય ક્રિકેટર

## અવસાન

૧૯૦૮ – ખુદીરામ બોઝ, ભારતીય ક્રાંતિકારી (જ. ૧૮૮૯)

૧૯૧૯ – એન્ડ્રુ કાર્નેગી, સ્કોટિશ-અમેરિકન ઉદ્યોગપતિ (જ. ૧૮૩૫)

૨000– ઉષા મહેતા, ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સેવિકા (જ. ૧૯૨૦)

૨013 – ઝફર ફતેહ અલી, (Zafar Futehally) ભારતીય પ્રકૃતિવાદી અને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના પૂર્વ સેક્રેટરી (જ. ૧૯૨૦)

૨01૮ – વી. એસ. નાયપોલ, અંગ્રેજી સાહિત્યકાર (જ. ૧૯૩૨)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 07/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





નો નેગેટીવ ન્યૂઝ

કે.ડી. NEWS

તારીખ : 07/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# પાદ-પંકજ-પ્રીતિ

**મારા પ્રાણાધાર !**

ભોગ-પ્રધાન શરીરમાં અણસમજ હોવાને કારણે પશુ-પક્ષીઓ અને અન્ય જીવો આપનાં ભજનથી વિમુખ રહે એમાં કાંઈ એનો દોષ નથી પરંતુ ભકિતપ્રધાન એવો આ માનવજન્મ પામ્યો હોવા છતાં, સત્સંગ અને સાધુ-સમાગમ મળ્યો હોવા છતાં હજુ પણ હું આપનાં ચરણોમાં પ્રીતિ થાય એવું સાધન-ભજન નથી કરી રહ્યો ત્યારે મને એમ લાગે છે કે આપને જરુર મારાથી દુઃખ થતું હશે. મારા સ્વામી ! મને ક્ષમા કરો અને આપનાં પાદ-પંકજની દિવ્ય સુવાસનો ભોગી એવો ભ્રમર બનાવી, આપનાં ચરણોનું અહર્નિશ ચિંતન પ્રદાન કરો.

**પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ**

(- બ્ર. પૂ. પા. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના કૃપાપાત્ર સદ્‌શિષ્ય શ્રી)



Guru Sannidhya

સાનિધ્ય એન્ડ્રોઈડ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે આ QR સ્કેન કરો.

તારીખ : 07/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરુદેવ કહે છે

"કમજોર પક્ષની નિશાની ? કટુશબ્દો."



## આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ


નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 11/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે
## નાની-મોટી
## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે
## રફ ચોપડા
તેમજ



લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 11/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



**કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ**

# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 11/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 11/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

